Sahitya Manthan
A Peer-Reviewed, Open Access e-journal
ISSN: 2582 6867, Website: http://www.sahityamanthan.in
Year-5, Issue-3, Continuous Issue-32, July - August 2025

# વાર્તા વાર્તાની રીતે - 'વીનસનો ઓગણીસમો જન્મદિવસ.'

-ડૉ. અમિતકુમાર રામજીભાઈ ગામી

સાંપ્રત સાહિત્યમાં પ્રયોગનું પ્રાધાન્ય વિશેષ નજરે ચડે છે. આ પ્રયોગો થકી વાચકવર્ગનું સ્તર વધ્યું હોત તો સ્વાભાવિક રીતે એની સ્વકૃતિ હોય જ, પરંતુ એ બાબતે આપણને સતત નિરાશા સાંપડી છે. સુરેશ જોષી આધુનિક સાહિત્યના નામે એક એવો વળાંક લાવ્યા કે સર્જક અને વાચક વચ્ચે મોટી દીવાલ ઊભી થઈ. જેને અનુસરનારાઓ તો કેવું કેવું પીરસવા લાગ્યા! એ તો એ જ જાણે. સાહિત્યમાં પ્રયોગ જરૂરી છે પણ એ પ્રયોગ થકી આનંદના પ્રયોજનથી અલગ રસ્તે સાહિત્ય વહેવા લાગે તો સ્વાભાવિક રીતે પ્રયોગ મટી પ્રયોગખોરી બની જતી હોય છે. સર્જક જે ઉચ્ચ ભાષા જાણે છે, એ એની સિદ્ધિ છે પરંતુ વાચક વર્ગ એટલી વિદ્વતા ભરેલી ભાષા જાણતો ન હોવાથી એ સિદ્ધિ સિદ્ધિ રહેતી નથી. સર્જકે તો સાહિત્યને એ રીતે પીરસવું જોઈએ કે, જે વાચક વર્ગ છે, એ તો જોડાયેલો જ રહે ને નવો વાચક વર્ગ ઊભો થાય.

સાંપ્રત સમયના મોટાભાગના સાહિત્યકારોનો એક ઊહાપોહ હોય છે. "સાહિત્યરસિક રહ્યા નથી." જો વાત યોગ્ય હોય તો આટલા બહોળા પ્રમાણમાં પુસ્તકો પ્રકાશિત થતા ન હોત અને આટલા મોટા પ્રમાણમાં સામયિકનું વેચાણ શક્ય ન હોત. સાહિત્યરસિક તો બહોળા પ્રમાણમાં છે પરંતુ એમને કાં તો તમારા સાહિત્યમાં મજા નથી આવતી, કાં તો તમારું સર્જન સમજાતું નથી. નથી સમજાતું તો એમને થોડું સમજાય એવું, જરા પાછા ફરી સરળ-સાદી ભાષા, પ્રયોગનું પ્રમાણ ઓછું કરી સર્જન કરો. સાહિત્યનું કાર્ય આનંદ, કાન્તા સમીપ ઉપદેશ, અમંગળનું નિવારણ અને વ્યવહાર જ્ઞાનનું છે. જો વાચકને તમારું સર્જન જ સમજાશે નહીં, તો એ કઈ રીતે આ પ્રયોજનનો લાભ લઈ શકશે! હું એવું નથી કહેતો કે પ્રયોગ બધા જ પ્રયોગખોરી બને છે. પરંતુ પ્રયોગ થકી સાહિત્યને એક ઉચ્ચ પ્રમાણમાં વાચકવર્ગ કે કશું પરિણામ તો મળવું જોઈએ ને! જો કશું પરિણામ નથી મળતું તો આપણે આપણા ખુદના સાહિત્યને સમજવાની જરૂર છે. બાકી તો ક.મા. મુનશી, કાકાસાહેબ કાલેલકર, ધૂમકેતુ, પન્નાલાલ પટેલ, મનુભાઈ પંચોલી, ઈશ્વર પેટલીકર હજુપણ ચર્ચાતા અને વંચાતા રહ્યા છે.

સાંપ્રત સમયમાં ઘણા સર્જકો એવા છે. જેમનું સાહિત્યસર્જન શ્રેષ્ઠ છે પરંતુ સાહિત્યના કોઈ માફિયાગ્રુપ સાથે તેઓ જોડાયેલા ન હોવાથી, એમને તો નુકશાન થયું જ છે, એના કરતા ગુજરાતી ભાષાના શ્રેષ્ઠ સાહિત્યને વધારે થયું છે. એમાંના એક વાર્તાકાર છે, ગિરીશ ભટ્ટ. આ સર્જકનું એટલું મહત્વનું સર્જન છે કે સૌથી વધારે સાહિત્યિક સામયિકોમાં તેમની વાર્તા પ્રકાશિત થઈ હશે. ભાગ્યે જ કોઈ સાહિત્યિક સામયિકે એમની વાર્તા પ્રકાશિત નહીં કરી હોય. તેમનો દસમો વાર્તાસંગ્રહ એટલે 'વીનસનો ઓગણીસમો જન્મદિવસ.' લટૂર પ્રકાશન દ્વારા ૨૦૨૫માં પ્રકાશિત કરવામાં આવ્યો. જેમાં ૧૪ વાર્તાઓ સંગ્રહિત થયેલી છે. વાર્તાસંગ્રહના શીર્ષકથી જ પ્રથમ વાર્તાની શરૂઆત થાય છે.

આ વાર્તામાં કેટલીક બાબતો ધ્યાન ખેંચે છે. સુવિધા ક્યારેય ખુશી આપી શકતી નથી. બાળકોના ઘડતરમાં માતાનો વિશેષ ફાળો હોય છે. માતા જેવું કરશે એવું બાળકો શીખશે. સ્ત્રી તરફ ઝૂકેલા કાયદાઓ અને સ્ત્રીનું અન્ય તરફ ઢળવું, જિંદગી બગાડે છે. આ વાર્તામાં આવતી શ્રીપ્રાનદી એ કેતકીનું પ્રતીક બનીને આવે છે. જે રીતે ગાંધીજીને રંભાએ 'રામ' નામનો મંત્ર આપેલો તે રીતે અહીં પણ વેણુ વીનસને 'રામ' નામનો મંત્ર આપે છે. બંનેમાં ખરાબ સ્વપ્ન માટે જ રામ નામના મંત્રની જરૂર જણાય છે. રામ નામનો ઉલ્લેખ આવતા, ભારતીય સમાજ સંસ્કૃતિમાં રામનું કેટલું મહત્વ છે! તે સમજાય છે.

ગુજરાતી સાહિત્યમાં નારીવાદ સાંપ્રત સમયમાં એટલો ચાલી રહ્યો છે કે, પુરુષ-નરવાદ આવશેના એંધાણ નજરે ચડે છે! પુરુષ હોય કે સ્ત્રી, જે કમાણી વધારે કરે એને અહંકાર હાવી થતો હોય છે. એમાં પાછું ઘર સ્ત્રીનું હોય તો હાય તોબા! પુરુષના ઘરમાં સ્ત્રીનો હક છે પણ સ્ત્રીના ઘરમાં પુરુષનો? આ સમય પ્રેમાળ, સીધા-સાદા કે વફાદારનો નથી પણ ચાલાક, કપટી, દગાખોરનો છે. સદર વાર્તામાં વીનસનો પિતા કલાકાર છે ને પત્ની અધિકારી. પત્ની અધિકારી હોય, વધારે કમાતી હોય તો છૂટાછેડા થવાની શકયતા વધી પણ જાય! પિતા-પુત્રીની દયનીયતા અને માતાનો અહંકાર સાંપ્રત સમયમની કરુણતા દર્શાવે છે. પોતાની મૂર્ખામીને કારણે જે સંતાન છે, તેને જે ભોગવવું પડે છે. તેની ઘટના આ વાર્તાના કેન્દ્રમાં છે.

'એ ઘરમાં' (પૃ.૧૭) બે વિધવા સ્ત્રીની સંવેદનાને વ્યક્ત કરવામાં આવી છે. વાર્તાને અંતે વાર્તા વળાંક લે છે ને એ ઘરમાં બે વિધવા સ્ત્રીને બદલે એક વિધવા સ્ત્રી જ રહે છે. સમજદાર અને માતા જેવી સાસુ પોતાની પુત્રવધુને અન્ય સાથે લગ્ન કરાવી આપતી જણાય આવે છે. વાર્તાના કેન્દ્રમાં રહેલું સાસુનું પાત્ર વિશેષ ધ્યાન ખેંચે છે. વાર્તાની ઘટના છેક અંત સુધી વાર્તાને ખેંચી જાય છે. આ વાર્તામાં વાર્તા તો છે જ. સાથે છે, નારીની નારી પ્રત્યેની સકારાત્મક દૃષ્ટિ.

'ત્રીજો ભાડૂત' (પૃ.૨૪) વાર્તામાં વિશેષ કરુણરસ ધ્યાન ખેંચે છે. વાર્તાનો આરંભ રહસ્યાત્મક, મધ્ય કરુણ અને અંત સુખદ છે. આંખોની રોશની ગુમાવવાથી પ્રેમ, નોકરી, મિત્રો સર્વસ્વ ગુમાવવાની વ્યથા છે. તો મા ગુમાવવાની, ઘર ખાલી થવાની વેદના વાર્તાનું કેન્દ્રબિંદુ છે. આજીવિકા માટે મસાજનું કાર્ય, મકાન ભાડે આપવાની અને ભાડૂતો સાથેની આત્મીયતા ધ્યાન ખેંચે છે. તો અંતે અંધ હોવા છતાં પરણવા તૈયાર થયેલી હેમલતાનાં પાત્રનું પ્રવેશવું વાર્તાને એક ઊંચાઈ પર લઈ જાય છે.

'વુડ ખાતર'(પૃ. ૩૪) શરૂઆતમાં પ્રણય ત્રિકોણની વાર્તા લાગે પરંતુ અંત આવતા બાળકનો અસ્વીકાર કરી છૂટાછેડા આપવાની વાત વાર્તામાં વળાંક લાવે છે, ત્યાં વિદેશી સંસ્કૃતિ નજર સમક્ષ આકાર લે છે. વિદેશગમન પછી દેશમાં રહેતા પ્રેમને વિસરી જવાની વાર્તા સર્જકે ગળાડૂબ પ્રેમમાં પડેલી સમજૂ યુવતીના મુખે મૂકી આપી છે. સર્જકે વાર્તામાં જેમ-જેમ આગળ ધપીએ તેમ-તેમ અતિશય પ્રમાણમાં આગળ શું થશે!ની ગડમથલની અનુભૂતિ કરાવી છે. પુરુષ હોય કે સ્ત્રી હોય, જીવનમાં રહેલા પ્રથમ પાત્ર કરતા સારું મળે એટલે પહેલા પાત્રને છોડી દે! છતાં કેટલાક મૂર્ખ પાત્ર તેની રાહમાં જિંદગી વિતાવતા હોય છે. વાર્તાના અંતમાં ભારતીય પ્રેમસંબંધને કેટલો પવિત્ર માને છે! ને પ્રેમીનું બાળક જે વિદેશી મહિલા થકી થયું છે, એ એકલું ન પડી જાય, તેથી જેણે પ્રથમ પ્રેમને ભૂલી બીજા પ્રેમને અપનાવ્યો હતો, તેવી વ્યક્તિ સાથે લગ્ન કરવાની વાત વાર્તામાં સાવ જુદો જ અંત લાવે છે.

'નસીબદાર સ્ત્રી' (પૃ.૪૪) વાર્તાનું કથાવસ્તુ શિક્ષિત પાત્રો દ્વારા દાંપત્ય જીવનને નિભાવી લેવાની કુનેહને પ્રગટ કરે છે. ગમતું વ્યક્તિ ન મળે ત્યારે અણગમતુંને પણ સ્વીકારી લેવાની ઘેલછાવૃત્તિ સુંદર રીતે રજૂ કરવામાં આવી છે. વાર્તામાં "કેશવલાલની ત્રીજી મુલાકાત નીરસ રહી હતી."(પૃ.૪૫) વાક્ય બેવાર પુનરાવર્તન થયું હોવાથી ને એક જ ભાવ રજૂ થયો હોવાથી સર્જકની મર્યાદા ત્યાં છતી થાય છે.

'તેનું સુખ' (પૃ.૫૨) સ્ત્રીને પણ મન હોય, એની પણ ઈચ્છાઓ અને આકાંક્ષાઓ હોયની વાર્તા. એક બળાત્કારનો બનાવ ને એની આસપાસ રહેલી નાયિકાની મનોદશા વર્ણવાય છે. વાર્તાને અંતે બધા પુરુષો એક સરખા નથી હોતા, કેટલાક પુરુષો પણ સ્ત્રીને સમજે છેનો ભાવ અહીં અંતે પ્રગટે છે.

'દુ:સ્વપ્ન' (પૃ.૬૧) લગ્નબાદ પહેલા પ્રેમની યાદ તાજી કરતી વાર્તા. આ વાર્તાની ગડમથલ એ છે કે, સ્ત્રીનો ૪૦ વર્ષનો દીકરો મકાન લે છે. એના બગીચાની વાતે તેને પહેલા પ્રેમી કેશવ સાથેના સ્મરણો; તેની સાયકલ પર બેસવું, તેનો પહેલો સ્પર્શ, તેની સાથે બાગમાં બેસવું, પ્રેમની વાતો ને યાદો તાજા થઈ ગયા. આ ફ્લેશબેકની ટેકનીક વાર્તાને આગળ વધવામાં મદદરૂપ બને છે. સાથે વાર્તાના અંત ભાગે આવતું સ્વપ્ન, વાર્તાની બીજી સ્વપ્ન ટેકનીકનો ઉપયોગ પણ કર્યો છે.

'નવી મોમ' (પૃ.૬૯)વાર્તાનું મૂળકથાવસ્તુ એટલું જ છે કે, હોસ્ટેલમાં રહેતી નેત્રાની માતા દેહથી મૃત છે પણ વિચારોથી હજુ પણ એની અંદર જીવંત છે. પિતાના સ્વભાવની કશી ગેરસમજ કે કાચી

સમજ તેને હતાશામાં ધકેલી રહી છે. ઘણીવાર વાર્તાનો અંત સુખદ જ હોવો જોઈએની ધારણા વાર્તાને અંતે નબળી બનાવતી હોય છે. આ વાર્તાને ચોટ નથી એવું નથી. શરૂઆતથી અંત સુધી વાચક - ભાવકને જકડી રાખવાની કુનેહ સુપેરે દૃષ્ટિગોચર થાય છે. પરંતુ અંતે નવી મોમ વાર્તાના મૂળ પાત્ર નેત્રાના જીવન માટે હકારાત્મક છેની દૃષ્ટિ દર્શાવતા સર્જકનું પીરસવાનું હકારાત્મક વલણ સારું છે પણ એક પ્રશ્ન એ પણ ખરો આમાં સત્યતા કેટલી??? સર્જકની પીઠ ઝબકાર રચનારીતિ અહીંયા પણ સારી કામ આવી છે. વર્તમાનમાંથી ભૂતકાળ ને ફરી વર્તમાન આ વાર્તાનું કેન્દ્ર બની રહે છે.

'સત્યા' (પૃ.૭૯) વર્તમાનમાંથી પીઠ ઝબકાર એમાંથી પાછો વર્તમાન ને પીઠ ઝબકારમાંથી વર્તમાનમાં ગતિ કરતી વાર્તા. મૂળભાવને પકડીએ પકડીએ ત્યાં હાથમાંથી સરી જતી જણાય છે. વાર્તાની શરૂઆત આઝાદીની ચળવળથી થતી જણાય છે પરંતુ આગળ જતા એ જ લગ્ન થયા બાદ પણ કોઈનું મનમાં પ્રવેશી જવું, જેલની સજા, આઝાદીના કારણે જેલ મુક્તિ ને લગ્ન પછી નજરમાં પ્રવેશેલી સત્યાનો આવતે જન્મમાં સાથ આપવાની વાતથી વાર્તાનો અંત આવે છે. આટલી વાર્તાઓમાં પહેલીવાર પૂર્વઝબકારની રચનાપ્રયુક્તિ આ વાર્તામાં જોવા મળે છે.

"સત્યા યાદ આવી હતી."(પૃ.૮૦), "સત્યાને વઢવાણ લઈ જવાનો છે."(પૃ.૮૧), "સત્યા જ સુંદર હતી."(પૃ.૮૨) જેવા વાક્યો પહેલા તો એ કુતૂહલ જગાવે છે કે, સત્યા છોકરી છે કે છોકરો! નાયકને સત્યા ગમતી હતીની વાત પહેલા આવે છે પછી પણ સત્યા છોકરી તરીકે જ આવતી હોવાથી અહીં આ બીજા વાકયમાં ભાષાદોષ જોવા મળે છે.

'ગુરુદક્ષિણા'(પૃ.૮૯) વાર્તા એટલે અધ્યાહાર રહેલા પ્રેમની વાર્તા. કલાના બે સાધકો ને એ સાધકો વચ્ચે કલાને કારણે જાગતા પ્રેમની પરાકાષ્ઠા ક્યાં જઈને અટકી, એ તો વાર્તામાં શિક્ષક જ સૂચવી જાય છે. આ શીર્ષક પ્રતીક બની આવે છે. આપણી હેસિયત બહારના વ્યક્તિ સાથે પ્રેમના અંકૂર રોપવા એ જ મોટો ગૂનો છે અને આ વાર્તાની નાયિકાએ જાણે કે એ ગૂનો કર્યો હોય તેવું જણાય છે. પ્રેમ કરવો કે થવો એ સ્વાભાવિક છે પણ પ્રેમ કોની સાથે કરવો કે થવું જોઈએ! એ તો આપણી હાથની વાત છે. તેથી જ સંપૂર્ણ વાર્તામાં ફ્લેશબેકમાં આવતી ઘટના સિવાય વાર્તાની ઘટના મનને વિચલિત કરતી જ જણાય છે.

'માનું ઘર' (પૃ.૯૯) વાર્તા એટલે સમજવા ધીરજ માગી લેતી વાર્તા. આ વાર્તાના કેન્દ્રમાં ૬૨ વર્ષના વિધુરના જીવનની કરુણતા તો છે સાથે સાથે તેને મળેલી એક અજાણી અનાથ યુવતીની ડાયરીમાં આકાર પામેલી એ યુવતીની પણ કરુણતા છે. યુવતીની ડાયરીમાં એની માતાની શોધને વિશેષ સર્જકે ઉપસાવી છે અને અંતે એ જ વિધુરની પત્ની તેની માતા છેની ઘટના આકાર પામતા વાર્તાનું વસ્તુ ખુલ્લું પડે છે. આ વાર્તામાં પીઠઝબકાર, સ્વગોક્તિ અને ડાયરી જેવી રચનાપ્રયુક્તિનો એક સાથે પ્રયોગ કર્યો હોવાથી વાર્તામાં ઘટના ક્યાંથી ક્યાં જાય છે! તે પકડવા જતા, વાર્તા એના પ્રવાહમાં વહી જાય છે. સંપૂર્ણ વાર્તામાં વાર્તાકારને સૌને વિધુર, અનાથ ને ઓશિયાળા ચિતરવાની એવી તો હોંશ ઉપડી છે કે વાચકને કુતૂહલ પ્રેરે છે.

'ચાહત' (પૃ.૧૦૯)વાર્તાની શરૂઆત 'ધરતીનો છેડો ઘર'ની વાત હોય તેવું લાગે છે પરંતુ ઘટના આગળ ધપતા બીજું ઘણું મળી આવે છે. ઘર તો બધાને હોય! પણ જ્યાં બાળપણ વીત્યું હોય, સંસ્કારો મળ્યા હોય, પ્રથમ પ્રેમ જ્યાં થયો હોય, તે ગામની સામે શહેરની બધી જાહોજલાલી નકામી ઠરે છે. કમાવા કે સફળતા મેળવવા પુરુષ ગમે ત્યાં સ્થિર થાય પણ અંતે તો તેના મનમાંથી ગામ નીકળી શકતું નથી. ગામ એટલે માણસાઈ, ભલમનસાઈ, ભોળપ અને પ્રેમાળ લોકોનો મેળાવડો, જ્યારે શહેરમાં બધું એનાથી ઊલટું. આ વાર્તામાં પણ દામ્પત્યજીવન ને એ પહેલાનો અનસૂયા નામની અન્ય છોકરી સાથેનો મહાવિદ્યાલય કાળનો અધૂરો રહેલો પ્રેમ પીઠ ઝબકાર દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો છે. અનસૂયાને છોડીને ગયો એના દસ વર્ષ પછી અવિનાશ ગામની યાદ અને કામ ધંધામાંથી સમય મળવાને કારણે ગામ પરત ફર્યો હતો. રાતે અનસૂયા સાથેનો પ્રેમ યાદ આવે છે. આ ફ્લેશબેકમાંથી સીધા વર્તમાનની સ્થિતિમાં સર્જક લાવે છે. અનસૂયા તેના ગામવાળા ઘરની બાજુના ઘરમાં જ રહે છે ને ત્યાં નોકરી કરે છે. બંનેની મુલાકાત થાય છે પણ એ મુલાકાતથી કશું આગળ વાર્તામાં વધતું

જણાતું નથી. વાર્તા એકંદર રીતે સારી છે પણ વળાંકોને કારણે વાચકને સમજવામાં અડચણ ઊભી કરે છે.

'શ્રીમાન ક્ષની કથા' (પૃ.૧૨૦) વાર્તાનાં કેન્દ્રમાં નવા થતા સંશોધનો ક્યારેક આપણી માટે જ ઘાતક સાબિત થતા હોય છેની કરુણતા આ વાર્તામાં વર્ણવાય છે. જ્યાં સુધી કશું નવું કરીએ નહીં ત્યાં સુધી નવું કરવાનો જુસ્સો, નવું કર્યા પછી એ જ ન કર્યું હોતનો આક્રોશને સર્જકે સારી રીતે મૂકી આપ્યો છે. ક્ષની વેપનની શોધ, સરકાર દ્વારા ક્ષની પહેરેદારી, તેની રોજિંદી ક્રિયા પર રખાતી નજર, એના પ્રયોગો ને પત્ની અને એની બહેનના જીવનું જોખમ. આ વાર્તાનું વસ્તુ છે. જે દર્શાવે છે કે માણસ પોતે જ પોતાના પગ પર કુહાડી મારે છે.

'યુદ્ધની ભેટ' (પૃ.૧૨૭) સાંપ્રત પરિસ્થિતિમાં યુદ્ધ એટલે દેશ કે દેશના લોકોને ભૂખમરા કે મોતના મુખમાં મુકવાની સરળ અને સહેલી પ્રક્રિયા. યુદ્ધનું પરિણામ કદી સારું નથી હોતું. નુકશાન, દરદ ને સંહારથી વિશેષ કશું નથી હોતું. આ વાર્તાનો નાયક ખુદ એક શક્તિશાળી દેશનો લશ્કરી કમાન્ડર છે, એ ખુદ સમજે છે કે, યુદ્ધથી કશું ન નીપજે! પરંતુ ઉપરી અધિકારીની આજ્ઞાનો અનાદર એનાથી થઈ શકવાનો નહોતો. તેથી જ અનઇચ્છાએ પણ યુદ્ધમાં ફરજનું પાલન કરી, પોતાના સાથીદારોને આજ્ઞા આપી મોટો સંહાર કરે છે. એમાં એક બાળકી બચી જાય છે. જેને મારવી કે શું કરવું!ની મથામણ કર્યા બાદ, તે પોતાની પત્ની મારિયા, જે નિઃસંતાન હતી ને યુદ્ધથી કશું નથી મળતુંના મતની હોય, તેને માટે આ બાળકીને દીકરી બનાવવા લઈ જાય છે. તેથી આ વાર્તાનું હાર્દ અંતપ્રયુક્તિ બની જાય છે.

રચનારીતિની વાત કરીએ તો આ વાર્તાસંગ્રહની ચૌદે વાર્તામાંથી તેર વાર્તા('તેનું સુખ' પૃ.૫૨ને બાદ કરતા) પીઠ ઝબકાર રચનારીતિમાં મળે છે અને ચૌદે વાર્તા ત્રીજો પુરુષ કથનકેન્દ્રમાં લખાયેલી છે. સાથે-સાથે કોઈ-કોઈ વાર્તામાં સ્વગોક્તિ, ડાયરી, પૂર્વઝબકાર, દ્વિકેન્દ્રી પ્રયુક્તિને પણ કામે લીધી છે. 'સત્યા'(પૃ.૭૯) એક વાર્તાને બાદ કરતા દરેક વાર્તામાં જુદી-જુદી વાતને રજૂ કરવા, ઘટના બદલાય ત્યારે ક્રમ આપવામાં આવ્યો છે.

ભાષાની દૃષ્ટિએ જોવાં જઈએ તો ટૂંકા વાક્યની શૈલી તેમને વિશેષ ફાવે છે. તેથી વર્ણનો પણ ટૂંકા આવે છે. મૂળ તો કવિનો જીવ હોવાથી અન્ય વાર્તાકારો કરતા એ રીતે પણ જુદા તરી આવે છે. તેમની શૈલી ગદ્ય – પદ્યની શૈલી છે. તેથી કર્તા, કર્મ, ક્રિયા, ક્રિયાપદનો ક્રમ ઘણીવાર ઊલટસૂલટ જોવા મળી જાય છે.

વાર્તાકાર ગામની વાત કરે છે. પરંતુ વાર્તામાં આવતા વાતાવરણ અને પાત્રના વર્ણનને આધારે એક એમની મર્યાદા ગણાવી હોય તો ગણાવી શકાય કે, ગ્રામ્ય કે સાવ નાના માણસની વાત ઉપસાવવામાં તેઓ જોઈએ એવું કાઠું કાઢી શક્યા નથી. વાર્તામાં સમયગાળો ટૂંકો હોવો જોઈએ પરંતુ ગિરીશ ભટ્ટની વાર્તામાં સમયનો પટ ખૂબ લાંબો જોવા મળે છે. ચૌદે વાર્તાના પાત્રો વધારે અભ્યાસુ જોવા મળે છે ને પાત્રોમાં નર-નારી પાત્રો સમજું તો ક્યાંક અણસમજું દૃષ્ટિગોચર થાય. પાત્રોનું નામ સાંપ્રત સમયને અનુરૂપ એન્ટીક કે પછી અર્થસભર જોવા મળે છે. મોટાભાગની વાર્તામાં પાત્રો મધ્યમવર્ગ અને સારું જીવન જીવતા (રહેણી-કહેણી) જ દર્શાવ્યા છે. સર્જકનો ભાવ સ્ત્રીપાત્રો તરફ વિશેષ ઢળેલો જોઈ શકાય છે. શીર્ષક યથાર્થરીતે પ્રયોજાય છે ને રહસ્યાત્મક છે, જે વાર્તાના અંતે ખૂલે છે. સાદી, સરળ અને સીધી ભાષાનાં પ્રયોજન સાથે અલ્પમાત્રામાં અંગ્રેજી શબ્દનો પ્રયોગ ખાસ વાર્તાને આકર્ષે છે. વાર્તાઓના કેન્દ્રમાં મુખ્યત્વે દાંપત્ય જીવનની મધુરતા અને ખારાશ વિશેષ ઉપસાવી છે. એકંદરે વાર્તામાં વાર્તા જેવું વિશેષ છે ને પ્રયોગ જેવું નહિવત્. તેમની વાર્તા પર પકડ સારી હોવાથી અને ઘટના પ્રધાન વાર્તા હોવાથી વાચક- ભાવકને આકર્ષે છે. તેમની બધી વાર્તાની અંતપ્રયુક્તિ પણ વિશેષ ધ્યાન ખેંચે છે.

સંદર્ભ

૧) ભટ્ટ ગિરીશ : 'વીનસનો ઓગણીસમો જન્મદિવસ', લટૂર પ્રકાશન, ભાવનગર -૧, પહેલી આવૃત્તિ : ૨૦૨૫.

૨) શુક્લ નરેશ : 'સાહિત્યસેતુ', 'અનુઆધુનિક ગુજરાતી ટૂંકી વાર્તામાં રચનાપ્રયુક્તિઓ', ઓનલાઇન. માર્ચ -એપ્રિલ : ૨૦૧૩.

ડૉ. અમિતકુમાર રામજીભાઈ ગામી
આસિસ્ટન્ટ પ્રોફેસર
ગુજરાતી ભાષા ભવન,
ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ વિશ્વવિદ્યાલય, ભુજ-કચ્છ.
સંપર્કનંબર : 9426023082